# અન્નકુટ

## –મનહર જે. વૈષ્ણવ

ડોરબેલ વાગ્યો એટલે રમાબહેન વાંચતાં હતાં તે ચોપડી બાજુમાં મુકી, બારણું ખોલવા ગયાં.

‘ઓ...હો... પધારો, પધારો, મુખ્યાજી, આજ તો અમારી ઝુંપડી પાવન કરી.’

હવેલીના મુખ્યાજીને નમસ્તે કર્યાં. રમાબહેને વંદન કરી અંદર આવવા કહ્યું. ‘બીરાજો.’ મુખ્યાજીને સોફામાં બેસાડી, પોતે સામેના સોફામાં બેઠાં.

‘અરે! રમાબહેન, આને તમે ઝુંપડી કહેતા હો, તો આખા અમદાવાદમાં બધાને આવી ઝુંપડી મળો.’ હસતાં હસતાં મુખ્યાજી બોલ્યા, ‘રમણભાઈની વીદાય પછી, તમે મા–દીકરાએ હજુ **‘હવેલી’**ની માયા એવી ને એવી જ જાળવી છે તે પ્રભુકૃપા છે.’

‘કમળાબહેન’, રમાબહેને બુમ પાડી. રસોડામાંથી કમળાબહેનને બોલાવી મુખ્યાજીને પાણી આપવા કહ્યું અને પછી કેસર–મસાલાયુક્ત ગરમ દુધ તૈયાર કરવા જણાવ્યું.

‘અરે રમાબહેન, એવી કશી જરુર નથી. આ તો ખાસ યાદ અપાવવા આવ્યો કે, આવતે અઠવાડીયે ઠાકોરજીનો પાટોત્સવ છે, તો અન્નકુટના દર્શન કરવા જરુર આવજો.’

‘એ તો મને યાદ છે. ઠાકોરજીનો પાટોત્સવ તો તેઓ હયાત હતા, ત્યારનો ઉજવાય છે. રાહુલ નાનો હતો ત્યારથી અમે તેને લઈને આવતાં; પણ અમારી પ્રસાદી તો લેવી જ પડશે.’

કમળાબહેન કેસરયુક્ત ગરમ દુધ ટ્રેમાં લઈને આવ્યાં. મુખ્યાજીએ નમન કરી, દુધ ગ્રહણ કર્યું. પછી કહ્યું, ‘રમાબહેન, દર્શને આવો ત્યારે રાહુલ, શૈલી અને નાના સ્વયમને પણ લાવજો.’

‘ચોક્કસ.. પણ આજકાલની જનરેશનને આવી બાબતમાં આસ્થા ઓછી હોય; પણ રાહુલ ડાહ્યોડમરો છે. એટલે ચોક્કસ લઈ આવીશ.’

મુખ્યાજી રવાના થયા. રમાબહેન ડ્રોઈંગરુમમાં સીલ્વર ફ્રેમમાં લગાવેલી રમણભાઈની તસ્વીરને નમન કરી, રાહુલના આગમનની રાહ જોતાં વાચનમાં બેઠાં.

સાંજે રાહુલ અને શૈલી નાના સ્વયમને લઈને બહારથી પરત આવ્યાં.

‘બા, કોઈ આવ્યું હતું?’ રાહુલે બાજુની ટીપોય પર પડેલાં ટ્રે અને કપ–રકાબી જોઈને પુછ્યું.

‘અરે હા, હવેલીના મુખ્યાજી આવ્યા હતા. આવતે અઠવાડીયે ઠાકોરજીનો પાટોત્સવ છે. તો દર્શન કરવા આગ્રહ કરતા ગયા છે. તને અને શૈલીને પણ આવવા ખાસ કહ્યું છે.’

‘માત્ર દર્શન કરવા કે કંઈક વીશેષ!’ રાહુલે હસતાં હસતાં પુછ્યું.

'શું તુંયે, રાહુલ! એમ કંઈ ખાલી હાથે જવાય? તમે લગ્નના રીસેપ્શનમાં વગર કવરે જાઓ છો?' સ્મીત સાથે રમાબહેને કહ્યું.

'કાલે તું ઓફીસે જાય ત્યારે પાંચ હજાર ડ્રો કરી મુખ્યાજીને પાટોત્સવ નીમીત્તે આપતો આવજે.'

'શું બા તમેય?' રાહુલે કહ્યું. 'આ બધા પાટોત્સવની અઢળક મીઠાઈ, ફરસાણ, બધાંનાં પેકેટ શ્રીમંત અને ડૉનરોને ત્યાં જતાં હોય છે. તેમાંથી ભુખ્યા લોકોને બટકુંય મળતું નથી. તો આવા ડોનેશનની જરુર શી? માત્ર મોટાઈનું પ્રદર્શન કે બીજું કંઈક?'

'જો રાહુલ, આપણે તો તારા પપ્પાની પરંપરા જળવાય અને ઠાકોરજીનું આપણી આવકમાંથી કંઈક ઋણ ચુકવાય એ શ્રદ્ધાથી આપીએ છીએ.' રમાબહેને સ્પષ્ટતા કરી.

'સારું બા, હું આપતો આવીશ.' રાહુલે કહ્યું. સાંજે રાહુલ આવ્યો એટલે રમાબહેને પુછ્યું, 'રાહુલ, મુખ્યાજીને ડોનેશન પહોંચાડી દીધું ને?'

'હા, હા..., બા, પહોંચાડી દીધું. નતમસ્તકે રાહુલે કહ્યું; પણ રાહુલના મનમાં ગડમથલ થવા લાગી. 'બાને મેં જુઠું કહ્યું, ખરેખર તો હું જનરલ હૉસ્પીટલના જનરલ વૉર્ડના જરુરીયાતમંદ દર્દીઓમાં દરેકને રુપીયા 500 રોકડા વહેંચી આવ્યો હતો.' પછી વીચાર્યું, 'મેં ક્યાં કોઈ ખોટું કામ કર્યું છે. ખરેખર, આ જ સાચું ડોનેશન છે ને?

અઠવાડીયા પછી અન્નકુટના દર્શને જવાનું હતું ત્યારે રમાબહેન તૈયાર થઈ ગયાં અને રાહુલને કહ્યું, 'ગાડી કાઢ. આપણે અન્નકુટનાં દર્શને જઈ આવીએ.'

રાહુલે નતમસ્તકે ગાડી કાઢી; પણ મનમાં મુંઝવણ! મુખ્યાજી પુછશે તો શો જવાબ દેવો તે વીચારવા લાગ્યો.

મા–દીકરો હવેલી પહોંચ્યાં. દર્શનાર્થીઓની ભીડ હતી. પરંતુ ડોનરો માટે ખાસ બીજા દરવાજેથી એન્ટ્રીની વ્યવસ્થા હતી. રમાબહેન સીધા તે દરવાજે અધીકારની રુએ પહોંચી ગયાં. મુખ્યાજી ત્યાં ઉપસ્થીત હતા. રમાબહેન તરફ ધ્યાન હતું; બહુ ઉત્સાહ ન બતાવ્યો. પણ રમાબહેને કહ્યું, ‘નમસ્તે મુખ્યાજી, ક્યારે પડદો ખુલશે દર્શનનો?’ પડદો ખુલતાં બધા દર્શનાર્થીઓ ધક્કાધક્કી સાથે પ્રવેશ્યા. મુખ્યાજીએ રમાબહેન તરફ ધ્યાન જ ન આપ્યું. રમાબહેનને આશ્ચર્ય થયું! આમ કેમ? દર વખતે તો મુખ્યાજી હસતાં હસતાં અંદર પ્રવેશ કરાવતા, જ્યારે આજે તો ધ્યાન પણ ન આપ્યું! છતાં ગમે તેમ દર્શન કરી, નીકળી ગયાં. રાહુલ મુંઝાયો છતાં સ્વસ્થતાથી કહ્યું, ‘બા, દર્શન તો થઈ ગયાં ને પછી મુખ્યાજીના વર્તનને શા માટે વીચારવું?’

‘એમ નહીં રાહુલ; પણ આમ કેમ બને? તેં સમયસર ડોનેશન તો મંદીરમાં પહોંચાડયું ને?’ રમાબહેને થોડી આશંકા સાથે પુછ્યું.

‘હા, હા, બા...., પહોંચાડ્યું ને! ચાલ, તને એનાં પણ દર્શન કરાવી દઉં.’

રમાબહેન પ્રશ્નભરી નજરે જોવા લાગ્યાં. મા–દીકરો ગાડીમાં બેઠાં. રાહુલે જનરલ હૉસ્પિટલ તરફ ગાડી લીધી. ત્યાં પહોંચ્યાં એટલે રમાબહેને કહ્યું, ‘આ તું ક્યાં લઈ આવ્યો? આ તો હૉસ્પિટલ છે!’

‘હા, હા, બા..., આ હૉસ્પીટલ જ જીવંત મંદીર છે, જ્યાં દુ:ખી દર્દીઓની સેવા થાય છે અને જે ઠાકોરજીની સર્વશ્રેષ્ઠ ભક્તી પૈકીની એક છે.’ અંદર જનરલ વૉર્ડમાં પડેલા દર્દીઓના પલંગ બતાવી રાહુલે કહ્યું, ‘બા, જુઓ, આ બધાને અન્નકુટનો પ્રસાદ નથી મળતો. તેઓને જરુર છે, સારવાર માટેની આર્થીક મદદની. તેમને આપેલું નાનું ડોનેશન પણ ઠાકોરજી માટે મોટી ૠણમુક્તી બની રહેશે.’

‘કેટલા આપ્યા બધાને?’રમાબહેને સ્મીત સાથે પુછ્યું.

‘દરેકને 500 રુપીયા. તેં પાંચ હજાર કહ્યા હતા, તે દસ જણાને આપી દીધા.’ રાહુલે કહ્યું.

‘કંજુસ કંઈનો!’ રમાબહેને હસતાં હસતાં કહ્યું.

‘બીજા દર્દીઓનું શું? આજે જ અન્નકુટના દીવસે આ બધાને પણ રુપીયા 500નો પ્રસાદ આપી દેજે.’

મુખ્યાજીના સ્વાર્થી વ્યવહારે રમાબહેનને વાસ્તવીકતાનું ભાન કરાવ્યું અને પોતાના પુત્ર માટે તેમને માન થયું.

**–મનહર વૈષ્ણવ**

ડીસેમ્બર, 2019ના **‘અખંડ આનન્દ’**નાં પાન : 27-28 ઉપરથી લેખકશ્રીની અનુમતીથી સાભાર..

‘અખંડ આનન્દ’ના જુના અંકો મેળવી આપવા બદલ કામરેજના ‘ડૉ. બળદેવ ભક્ત’નો ખુબ આભાર.. ..ઉ.મ..

સર્જકસમ્પર્ક :

શ્રી. મનહર જે. વૈષ્ણવ, મનન ઈન્કમટેક્સ સોસાયટી, એરોડ્રામ પાસે, રાજકોટ-360007 Mobile : 98252 80147
eMail : manhar.vaishnav@gmail.com

♦●♦

સન્ડે ઈ.મહેફીલ' – વર્ષઃ સોળમું – અંકઃ 459 –August 16, 2020

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,92,44,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,74,02,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 11,24,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 13,47,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@